Done

ગુજરાત સમાચાર પૂર્તિ
તા- 02/06/21
પેજ નં -01

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં 'ગાંધીજીનું જીવન ઘડતર' પર વ્યાખ્યાન યોજાયું

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ગુજરાતી વિભાગના ઉપક્રમે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા અંતર્ગત ગાંધીજીનું જીવન ઘડતર વિષય પર ડૉ.યોગેન્દ્ર પારેખનું ઓનલાઇન વક્તવ્ય યોજાયું હતું, જેમાં અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. નાનપણથી અંતરાત્માના અવાજને અનુસરી જીવનને આકાર આપનાર ગાંધીજીના જીવનમાં માતા-પિતા, સત્યવાદી હરિશ્ચંદ્ર નાટક, શ્રવણની પિતૃભક્તિ ઉપરાંત શ્રીમદ રાજચંદ્ર, ટોલસ્ટોય, રસ્કિનના વ્યાપક પ્રભાવની ઉદાહરણ સાથે તાત્વિક ચર્ચાથી વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા. ગુજરાતી વિભાગના ડૉ.જાગૃતિ મહેતાએ સંચાલન, આભાર દર્શન કર્યું હતું . ઉલ્લેખનીય છે કે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાના નિયમિત આયોજનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે. દૂરવર્તી શિક્ષણના અભિગમને સાર્થક કરવાના પ્રયાસને વ્યાપક આવકાર મળી રહ્યો છે .

03/06/2021